dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

April-May 2015 For private circulation only Vol. 07 - Issue 152-53

તમે ઉચ્ચશિક્ષણ મેળવી રહ્યા છો તેથી તમારા ગરીબ ભાઈઓને રખે ભૂલતા. એમના પરસેવાની કમાણીથી જ તમે આ શિક્ષણ મેળવી રહ્યા છો, તમે ગમે તેટલું શિક્ષણ પ્રાપ્ત કરો પછી એવું ન થાય કે જેમ ખેડૂતનો બળદ મોટર જોઈને ભડકે છે તેમ તમને જોઈને ખેડૂત ભડકી ઉઠે. તમે વિજ્ઞાનનું જ શિક્ષણ મેળવો છો તેનાથી ખેડૂત એક વાલમાંથી બે વાલ પેદા કરી શકે, એટલે કે બમણી ફસલ પાકે.

**સરદાર પટેલ**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

પ્રાથમિકથી શરૂ કરીને માધ્યમિક સુધીની શિક્ષણ વ્યવસ્થા પર દ્રષ્ટિ કરતાં જણાશે કે સમગ્ર વિશ્વમાં ભારતની શિક્ષણ-વ્યવસ્થા ત્રીજા ક્રમે આવે છે. યુ.એસ. અને ચીન આ ક્ષેત્રમાં આપણાથી ઘણું આગળ છે. જો કે, જાણકારોના મત મુજબ ખૂબ ઓછા વર્ષોમાં યુ.એસ. તથા ચીનને (લગભગ પંદરથી વીસ વર્ષમાં) પાછળ ધકેલીને ભારત અગ્રતા ક્રમ પ્રાપ્ત કરી લેશે. પાછલા પચાસ વર્ષોમાં આપણે શિક્ષણક્ષેત્રે જે ગતિથી આગળ વધવું જોઈતું હતું તે ગતિથી આગળ નથી વધી શકયા માટે હવેના સમયની જવાબદારી વધી જાય છે. સંખ્યાજનક બિનજરૂરી ફેરફારો ખૂબ થયા પણ તેની સરખામણીમાં ગુણવત્તાસભર ફેરફારો ઝાઝા નથી થયા. ભારતને આઝાદી મળી ત્યારે ખૂબ મોટી જનસંખ્યા શિક્ષણથી વંચિત હતી પરંતુ ત્યારબાદ વિવિધ યોજનાઓનો શૈક્ષણિક વિકાસ માટે અમલ કરીને શિક્ષણ વ્યવસ્થા સુદ્રઢ કરવાના પ્રયત્નો થયા હોવા છતાં પરિણામો અપેક્ષા પ્રમાણે નથી આવ્યા એ હકીકત લાંબા સમય સુધી છુપાવવાથી નુકસાન શિક્ષણને અને એટલે છેવટે સમાજ-માનવજાતને જ થવાનું !

માળખાકીય સુવિધાઓ વધારેમાં વધારે ઊભી કરીને શૈક્ષણિક વાતાવરણ નિર્માણ કરવાની આવશ્યકતા વધારે જાય છે. પાછલા થોડાંક વાર્ષોમાં વિદ્યાર્થીઓના માનસમાં, શિક્ષણ અને ન કેવળ શિક્ષણ પરંતુ જીવન-જગત તરફ જોવાના તેના અભિગમમાં કેવા પ્રકારના બદલાવો આવ્યા છે તેનો અભ્યાસ કરી એ દિશામાં આગેકૂચ કરવી પડશે. ઘણી વાર એવું બને છે કે, વિદ્યાર્થીના રસરૂચિ જુદાં હોય, તેની શકિત-મતિ જુદી હોય પણ માતાપિતાની આશા અપેક્ષાઓને લીધે અનિચ્છાએ ઉચ્ચ અભ્યાસનું ક્ષેત્ર એણે જુદું જ પસંદ કરવું પડે છે. યાદ રહે કે, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર સ્નાતકો ભારતની અને વિશ્વની અર્થવ્યવસ્થામાં કરોડરજ્જુ સમાન છે. એક તરફ નોકરીના બજાર માટે જરૂરી વ્યાવહારિક કુશળતાવાળા સ્નાતકો બહાર પાડવાના છે તો બીજી તરફ સમાંતરે શ્રેષ્ઠ મનુષ્યો પેદા કરવાના છે. આજના સમયે આ બેલેન્સ જાળવવું જરૂરી બન્યું છે. બજાર-માર્કેટને ઓળખવું પડશે. માર્કેટની ડીમાન્ડ જાણવી પડશે. આવતીકાલની જરૂરિયાતો વિશે આજથી વિચારવું પડશે. 'કાલની વાત કાલે' સૂત્ર સુપરફ્લોપ સાબિત થશે ! દરેક શૈક્ષણિક સંસ્થાએ 'વિઝન' અને 'મિશન' વિશે ત્વરાથી વિચારવું પડશે. માળખાગત્ સુવિધાઓ ઉપલબ્ધ કરી-કરાવી ડિવોટી સ્ટાફ પસંદ કરવો પડશે. સમયાંતરે અભ્યાસક્રમો બદલવા પડશે અને નવી સુવિધાઓ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવી પડશે. ખરેખર તો, સ્નાતકમાં વિદ્યાર્થી પ્રવેશ મેળવે એ પહેલાં જ- તેના એક કે બે વર્ષ અગાઉ તેમને ભવિષ્યમાં જે નોકરીની તકો ઊભી થવાની હોય તેનાથી માહિતગાર કરવાની સંસ્થાઓની નૈતિક જવાબદારી છે. આમ કરવાથી વિદ્યાર્થી પહેલેથી જ પોતાનું ધ્યેય નકકી કરી શકે છે અને ત્રણ કે પાંચ વર્ષનો વિદ્યાર્થી જીવનનો મહામૂલો સમય વેડફાઈ જતો નથી. સમયે સમયે આ પ્રકારના વાર્તાલાપો-વર્કશોપ યોજવા જોઈએ. આવા વાર્તાલાપ કે વર્કશોપમાં વિદ્યાર્થીઓના માવતરને પણ સામેલ કરવા જોઈએ જેથી એમની આંખ સામે પોતાના સંતાનના ભવિષ્યનો નકશો ઊભો થઈ શકે. વિદ્યાર્થીને તેના નસીબ પર છોડી દેનારી સંસ્થા આવનારા સમયમાં પોતાનું જ અસ્તિત્વ ખોઈ બેસે તેવી શકયતાઓ નકારી શકાશે નહિ. શ્રેષ્ઠ સંસ્થા એ છે જે પોતાના લાભાર્થીઓ માટે એક વાતાવરણ ઊભું કરે છે, પોતાના વિદ્યાર્થીઓના ભવિષ્યને જ પોતાનું ભવિષ્ય માને છે અને એમાં જ સુખ-આનંદ જુએ છે. કેવળ અંક ગણિતના આંકડાઓ પર નજર ખોડીને કામ કરતી સંસ્થાઓ ઈતિહાસના છેલ્લા પાના પર પણ નજરે પડતી નથી. નવી ઈતિહાસનું સર્જન કરવું હોય કે, ઈતિહાસમાં સુવર્ણ અક્ષરો નામ અંકિત કરવું હોય તો કશુંક નવું, કશુંક જૂદું કરવું પડે. એ માટે પુષ્કળ પરિશ્રમ કરવો પડે. કોઈના દોરેલા નકશાઓને દૂર હડસેલી દઈ જૂદો નકશો દોરવો પડે. સમજણપૂર્વક જુદી ચાલે ચાલનારાઓને દુનિયા સલામ કરે છે. આપણે અને આપણા દ્વારા આપણી સંસ્થા ઉત્તમ બને તેમ કરવું જોઈએ. ઉત્તમ કક્ષાની ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ સમયાંતરે શકયતાઓને તપાસ્યા-ચકાસ્યા કરે છે અને શ્રેષ્ઠતા પામવાની મથામણ કર્યા કરે છે. ઉચ્ચશિક્ષણ આપતી સંસ્થા પોતે જ શ્રેષ્ઠ છે એમ ધારી લેવાને બદલે શિક્ષણનું મૂલ્ય અને ગુણવત્તાને વધારે ઉંચાઈએ લઈ જવા માટે, નવાં નવાં પરિમાણો દ્વારા વધુ સારાં પરિણામો લાવવા માટે પ્રયત્નશીલ રહે છે.

તા. ૧૫ મે, ૨૦૧૫

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ગુજરાતી ભવન :: ઉદ્ઘાટન










વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરિસરમાં મહિલા અને બાળકલ્યાણ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજય કક્ષાના મંત્રીશ્રી વસુબેન ત્રિવેદીના વરદહસ્તે નવનિર્મિત દુર્લભભાઈ રામજીભાઈ ભાણાભાઈ પટેલ ગુજરાતી ભવન અને કોમ્પ્યુટર સાયન્સ ભવન વિસ્તરણનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો. આ સમયે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર, રજિસ્ટ્રાર ડૉ. જે.આર. મહેતા, ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. જગદીશ ગૂર્જર, કોમ્પ્યુટર વિભાગના અધ્યક્ષ, પ્રો. ડૉ. અપૂર્વ દેસાઈ, સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, આચાર્યશ્રીઓ વિવિધ વિદ્યાશાખાઓના ડીનશ્રીઓ, વિભાગીય વડાઓ, અધ્યાપકો, આમંત્રિતો, વહીવટી અધિકારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે નવનિર્મિત ગુજરાતી ભવનના નિર્માણમાં બે કરોડથી વધુ દાન સ્વરૂપે આપનાર શ્રી હિતેશ પટેલ તથા તેમના પરિજનોનો આભાર પ્રગટ કર્યો હતો. મંત્રીશ્રી વસુબેન ત્રિવેદીએ આવી ઉદાર સખાવતને એક નમૂનેદાર સામાજિક સહભાગિતાના સ્વરૂપમાં બિરદાવી હતી.

નવનિર્મિત ગુજરાતી ભવનમાં ૧૪ જેટલાં ખંડોમાં કલાસ રૂમ, કોમ્પ્યુટર લેબોરેટરી, અધ્યક્ષની ઓફિસ, અધ્યાપકોની કેબિનો, ઓડિટોરિયમ, ગાર્ડન તથા ટોયલેટ બ્લોકની સુવિધાઓ ઉપલબ્ધ છે. યુજીસીની ગ્રાન્ટમાંથી બે વર્ગખંડોને પ્રોજેકટર દ્વારા, ICT બેઝડ અધતન શિક્ષણ પદ્ધતિએ ભણાવી શકાય એ પ્રકારે સજ્જ કરવામાં આવ્યા છે. યુનિવર્સિટી દ્વારા અધ્યાપકો તેમજવિદ્યાર્થીઓ માટે અન્ય માળખાગત સુવિધાઓ તથા સી.સી.ટી.વી. કેમેરાથી સમગ્ર ભવનને આવરી લેવાની વ્યવસ્થા થઈ છે.

કોમ્પ્યુટર સાયન્સ ભવનના સ્વનિર્ભર ફંડમાંથી રૂા. ૯૮ હજારથી વધુ રકમના ખર્ચે વર્ગખંડો, અધ્યાપકો માટેની બેઠક





વ્યવસ્થા, લાઈબ્રેરી, સેમિનાર હોલ, સ્ટાફ ઓફિસ, ગર્લ્સ રૂમ, કોન્ફરન્સ રૂમ, લેન્ગવેજ લેબોરેટરી તેમજ ટોયલેટ બ્લોકના બાંધકામ દ્વારા પ્રવર્તમાન ભવનનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું જેનું માનનીય મંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

ગુજરાતી વિભાગ દ્વારા શરૂ થયેલા સર્જનાત્મક લેખન તથા પ્રૂફ રિડિંગના સર્ટિફીકેટ કોર્સ તેમજ આગામી માસમાં ઉપલબ્ધ થનાર સ્પેસ્યિલ આસિસ્ટન્ટ પ્રોગ્રામની યુજીસીની મોટી રકમની ગ્રાન્ટ વિશે મંત્રીશ્રીને માહિતગાર કરવામાં આવ્યા હતા.



ભારત સરકારના વાણિજય મંત્રાલયના મરીન પ્રોડકટ્સ એકસ્પોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી (MPEDA) અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એકવેટિક બાયોલોજી વિભાગના સંયુકત ઉપક્રમે એમ.એસ.સી. ના વિદ્યાર્થીઓ માટે એકવિટિક બાયોલોજી વિભાગમા પાંચ દિવસીય (છઠ્ઠી થી ૧૦મી એપ્રિલ, ૨૦૧૫) એક ખાસ "ઈકો-ફ્રેન્ડલી એન્ડ સસ્ટેનેબલ શ્રિમ્પ ફાર્મિંગ" વિષય પર તાલીમ કાર્યક્રમ યોજવામા આવેલ હતો. આ તાલીમ હેઠળ ઝીંગા ઉછેર માટે તમામ તબકકાઓ પર વિષયના નિષ્ણાંતો દ્વારા ચાર દિવસ વ્યાખ્યાન અને એક દિવસીય પ્રવાસમાં બિલીમોરના પ્રોન હેચરી, પ્રોસેસિંગ પ્લાન્ટ અને ઝીંગા ફાર્મની મુલાકાત MPEDA દ્વારા ગોઠવવામા આવી હતી. પ્રવાસમાં વિભાગના પ્રાધ્યાપકો ડૉ. માહિની ગઢિયા, ડૉ.એન.સી. ઉજ્જૈનિયા અને સુશ્રી રંજના સુરાનાએ પણ ભાગ લીધો હતો.

તા એકવિટિક બાયોલોજી વિભાગના વડો. ડૉ. મોહિની ગઢિયાએ આમંત્રીત મહેમાનોના સ્વાગત ઉદ્દબોધન કરતા સમયે તાલીમની અગત્યતા અને ઉપયોગીતા વિશે માહિતી આપી હતી. આ અગત્યની તાલીમ મેળવેલ ઝીંગા ઉછેર કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ કોઈ અન્ય તાલીમ વગર ઝીંગા ઉછેર કરી શકશે. સરકારની જમીન મેળવવા માટે આ તાલીમ મેળવવી ફરજીયાત છે. જે તાલીમ એકવેટિક બાયોવોજીના વિદ્યાર્થીઓને આ વર્ષે તેમના અભ્યાસક્રમ સાથે મેળવવા યુનિવર્સિટી દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૦મી એપ્રિલ, તાલીમના કાર્યક્રમમા મુખ્ય મહેમાન તરીકે ઝીંગા ઉછેરની ખુબ જાણીતી અને અનુભવી વ્યકિત ડૉ. મનોજભાઈ શર્મા હાજર રહયા હતા. તેઓએ વિદ્યાર્થીઓને આ ખાસ તાલીમનો ઉપયોગ કરવાનું જણાવ્યુ હતું. તદ્ઉપરાંત તેઓએ વિભાગીય વડા ડૉ. માહિની ગઢિયા અને કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાને આવા કાર્યક્રમ ફરીવાર યોજવા અને યુનિવર્સિટીના સત્તાધિશોએ કલેકટરશ્રીને મળી વિદ્યાર્થીઓ માટે જમીન મેળવવા રજુઆત કરવાની સલાહ આપી હતી. કાર્યક્રમના ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ પણ વિદ્યાર્થીઓને મેળવેલ તાલીમનો સાચો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. MPEDA ના રીઝીઓનલ ડાયરેકટર શ્રી. સી.જે. સમ્પથકુમારે યુનિવર્સિટી પ્રાંગણમાં આપેલ તાલીમનું આયોજન કરી આનંદની લાગણી વ્યકત કરી અને વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવ્યો હતો. ગુજરાત સરકારના મત્સ્યવિભાગના ડેપ્યુટી ડાયરેકટર ડૉ.જી.સી. વાકાણીએ વ્યાખ્યાન દરમિયાન એકવેટિક બાયોલોજી વિભાગની કામગીરી માટે પ્રશંસા વ્યકત કરી મત્સ્યવિભાગનો સહયોગ આપવાની ખાતરી આપી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રોફે. કપિલાબેન મનોજે સંપન્ન કરી હતી.



તા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ અને સેન્ટર ફોર સોસ્યલ સ્ટડિઝ, સુરતના સંયુકત ઉપક્રમે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોસ્યલ રિસર્ચ, ન્યુ દિલ્હી અનુદાનિત Research Methodology Course/SPSS for Ph.D Scholars માટેનો ૧૦ દિવસનો તાલીમ કાર્યક્રમનું આયેજન કરવામાં આવ્યું હતું. જેમા ગુજરાત અને અન્ય રાજયના કુલ ૩૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે અતિથિ વિશેષ તરીકે હાજરી આપી પી.એચ.ડી. તાલીમાર્થીઓને માર્ગદર્શન અને શુભેચ્છા પાઠવી હતી. તાલીમ કાર્યક્રમનું કો-ઓર્ડિનેટર મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દિપક ભોયે અને સેન્ટર ફોર સોસ્યલ સ્ટડિઝ, સુરતના એસોસિએટ પ્રોફેસર ડૉ. ગગન શાહુએ કર્યુ હતું.

તા માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ ઉચ્ચ શિક્ષણ અંગે All India Survey on Higher Education (AISHE) અંતર્ગત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોએ તેઓની માહિતી માટે DCF-II નિયત સમય મર્યાદામાં સંપૂર્ણ સાચી માહિતી સાથે AISHEની વેબસાઈટ પર અપલોડ કરવું અનિવાર્ય છે. સદર સર્વે અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ માહિતીનો સરકારશ્રી દ્વારા વિવિધ નીતી-વિષયક નિર્ણયો/નીતી તૈયાર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી સર્વે અંતર્ગત DCF-II માં દર્શાવવામાં આવેલ માહિતી સંપૂર્ણ સાચી હોવી અત્યંત જરૂરી છે. જેથી યુનિવર્સિટી કેમ્પસ ખાતે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા નોડલ ઓફિસરો માટે તા.૧૮/૩/૧૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન યુનિવર્સિટી કન્વેશન હોલ ખાતે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ હતું. જ્યારે યુનિવર્સિટી નોડલ ઓફિસર શ્રી એચ. ડી. વાઘેલા દ્વારા યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજોને AISHEની કામગીરીના મૂલ્યાંકન તથા તેની અગત્યતા જણાવી હતી. કુલપતિશ્રી ડૉ.દક્ષેશ ઠાકર દ્વારા આચાર્યશ્રીઓ તથા નોડલ ઓફિસરને ટેકનોલોજીથી માહિતગાર થઈ કાર્યદક્ષતમાં વધારો કરવા જણાવ્યું હતું તથા સૌના સાથ-સહકારથી ઓલ ઈન્ડિયા સર્વેની સૌથી સારી કામગીરી કરવાની આશા વ્યકત કરી હતી. રાજ્યના AISHE Cell ના સ્ટેટ નોડલ ઓફિસર શ્રી આર.કે. શાહ દ્વારા તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત આચાર્યશ્રીઓ તથા નોડલ ઓફિસરશ્રીઓને AISHE ના વિવિધ પાસાઓની ઝીણવટભરી માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ૪૦૦ થી વધુ યુનિવર્સિટી સંલગ્ન તથા દક્ષિણ ઝોનની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.













Golden Jubilee Year



Under the Golden Jubilee Year Celebration Programme of Veer Narmad South Gujarat University, the Department of Aquatic Biology organised the second programme on invited lectures on 24.03.2015.

Dr. G. A. Thivakaran, a Senior Principal Scientist of Gujarat Institute of Desert Ecology, Bhuj gave very informative and lucid lectures on ' Future Prospects of Aquaculture- An Analysis'. He talked on recent technologies developed in the field of aquaculture to utilize the available potential areas with reference to provide nutrition, income and developing Fisheries Industries. The concern of people towards aquaculture in Gujarat was also discussed. Dr. Thivakaran emphasized Lo develop the avenue for mussel culture, lobsters, crab culture and brackishwater finfishes like cobia and milk fish etc.

# કોલેજ ન્યૂઝ

## એન.એસ.એસ.




તા.૯/૨/૧૫ના રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એન.એસ.એસ. વિભાગ દ્વારા લોકસમર્પણ રકતદાન કેન્દ્ર, વરાછાના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન થયું હતું. વિદ્યાર્થીઓએ રકતદાનમાં ભાગ લઈ કુલ ૪૨ યુનિટ બોટલ એકત્ર કરી હતી. આચાર્યશ્રીએ દીપ પ્રજવલિત કરી શિબિરનો પ્રારંભ કર્યો હતો. પ્રોગ્રામ ઓફિસર શ્રી સંજય પંડયાએ રકતદાન કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. જી.એસ. પિયુસ હિરપરાએ શિબિરની સફળતા માટે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. આ શિબિરનું વ્યવસ્થાન પ્રોગ્રામ ઓફિસર શ્રી પી.સી. પટેલ અને શિબિરનું સંચાલન શ્રી સંજય પંડયા એ કર્યુ.

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨/૧/૧૫ અને ૫/૧/૧૫ના રોજ એફ વાય બી.કોમના વિદ્યાર્થીઓ માટે થેલેસેમીયા તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન ઈન્ચાર્જ આચાર્ય પ્રા. બંટી કે શાહ તેમજ એન.એસ.એસ. સમિતિના સહકારથી સફળ રહયો હતો.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૯/૨/૧૫ના રોજ એન.એસ.એસ. તથા રેડ રિબન કલબના ઉપક્રમે દ્વિતીય રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ રકતદાન કેન્દ્રના સૌજન્યથી યોજાયેલ આ કેમ્પમાં કુલ એકસો પાંચ વિદ્યાર્થીઓ રકતદાન માટે ઉપસ્થિત રહયા હતા. જેમાં માત્ર બેતાળીસ વિદ્યાર્થી ભાઈ-બહેનો રકતદાન કરવા માટે યોગ્ય ઠર્યા હતા. આ કેમ્પની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો તથા સ્વયંસેવકોએ સંભાળી હતી.

## સેમિનાર




ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતના ઉપક્રમે તા. ૩૦-૩-૧૫ થી ૩૧-૩-૧૫ દરમ્યાન 'રિસર્ચ મેથોડોલોજી ઇન હિસ્ટ્રી' વિષય પરનો યુ.જી.સી. સ્પોન્સર્ડ નેશનલ સેમિનાર યોજાઈ ગયો. જેમાં ૧૦૪ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા અને પ્રાપ્ય ૪૮ લેખોમાંથી ૩૮ લેખોની રજૂઆત કરવામાં આવી હતી. સેમિનારમાં પ્રિ. ડૉ. અશોક દેસાઈએ આવકાર આપ્યો હતો. સેમિનારનું ઉદ્દઘાટન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે કર્યું અને પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે પ્રા. શ્રી સી.સી. ચૌધરી કૃત "દક્ષિણ ગુજરાતમાં આદિવાસી આંદોલનો (૧૮૮૫ થી ૧૯૪૭)" ગ્રંથનું વિમોચન કર્યું હતું.

મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી, અજમેરના ઈતિહાસના નિવૃત્ત વિભાગાધ્યક્ષ ડૉ. વિજય વશિષ્ઠે ચાવી રૂપ વકતવ્ય આપ્યું હતું. ડૉ. સુરેશચંદ્ર મિશ્રા (નિવૃત્ત વિભાગાધ્યક્ષ, ઈતિહાસ, સરકારી કોલેજ, ખંડવા), ડૉ. કે.એસ. ગુપ્તા (નિવૃત્ત વિભાગાધ્યક્ષ, ઈતિહાસ, એમ.એલ. સુખડીયા યુનિવર્સિટી), ડૉ. અરૂણ વાઘેલા (ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી), પ્રા. ડૉ. કિશોર ગાયકવાડ (વિદ્યાનગરી યુનિવર્સિટી)એ વિષયને અનુરૂપ વકતવ્યો આપ્યા હતાં. ડૉ. કિરણ દેસાઈ (સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત)એ ચર્ચાઓનો સાર રજૂ કર્યો હતો. કેટલાક પ્રતિનિધિઓએ પ્રતિભાવો રજૂ કર્યા હતા. સેમિનારના સંગઠન મંત્રીશ્રી ડૉ. સી.સી. ચૌધરીએ ઉપસ્થિત સૌ પ્રતિનિધિઓ, કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, અતિથિ વિશેષશ્રી રવીન્દ્રભાઈ વેપારી, વિદ્યામંદિર સોસાયટીના મંત્રીશ્રી ડૉ. સુધીર મારફતિયા તથા દાતાશ્રીઓ અને સંસ્થાઓનો આભાર માન્યો હતો.




સે શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૧૪/૨/૧૫ના રોજ સ્પીપા સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન સુરત શાખા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના સહયોગથી તથા પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શનથી "માહિતી અધિકાર અધિનિયમ" વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત કાનુની વિષય નિષ્ણાત શ્રી રોહિતભાઈ ચૌધરીએ કાયદા અંગે માહિતી આપી હતી.

સે તા. ૧૪/૨/૧૫ના રોજ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે ટી.વાય.બી.કોમ. ના વિદ્યાર્થીઓને કોલેજનાં કારકિર્દી માર્ગદર્શન સેલ દ્વારા "ટુરીઝમ મેનેજમેન્ટ" વિષય ઉપર મુંબઈની સંસ્થા બ્લયુ વ્હેલ એકેડેમી દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાની ફેકલ્ટી રોહિણી ચૌધરી અને તેમની ટીમે કોલેજનાં વિદ્યાર્થીઓને "ટુરીઝમ મેનેજમેન્ટ" વિશે સમજ આપી હતી. કામગીરી પ્રા. એમ. એ. મુલ્લાએ કરી હતી.

## માર્ગદર્શન

મા શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૭ અને ૯/૨/૧૫ દરમ્યાન ટી.વાય.બી.કોમ. સેમેસ્ટર ૬ ના વિદ્યાર્થીઓ માટે સૌરભભાઈ જે. દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, નવસારી દ્વારા આઈ.એ.એસ. એકઝામ અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિષય નિષ્ણાત શ્રીમતી રીનાબેન દેસાઈ દ્વારા વિગતવાર સંપૂર્ણ માર્ગદર્શન આપવામા આવ્યું હતું. સંચાલન પ્રા. એમ.જી.પટેલ તથા પ્રા. એમ.એ. મુલ્લા દ્વારા કરવામાં આવ્યું હતું. જેસીઆઈ, વલસાડના સૌજન્યથી વિદ્યાર્થીનીઓ માટે વુમન ડેવલપમેન્ટ સેલના માર્ગદર્શન હેઠળ કરાટેના વર્ગોનું આયોજન તા. ૨૭/૧/૧૫ થી ૩૧/૧/૧૫ દરમ્યાન વિદ્યાર્થીની કુ. વૈષ્ણવી સોંઢાએ સેલ કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. જેમાં ૪૦ જેટલી વિદ્યાર્થીનીઓએ આ વર્ગો એકટીવ પાર્ટીશીપેશન કર્યું હતું. ટ્રેઈનર શ્રી સુરેશભાઈના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીએ ઘણું શીખી હોવાનો ભાવ પ્રદર્શિત કર્યો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ તા. ૯/૨/૧૫ના રોજ એન્ટી કરપ્શન બ્યુરો, સુરતના યુવાનોમાં ભ્રષ્ટાચાર વિરોધ જાગૃતિના અનુસંધાનમાં માર્ગદર્શન કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત બ્યુરો આસીસ્ટન્ટ શ્રીમતી હેતલ ગજ્જર અને એમની ટીમના સભ્યોએ દરેક વર્ગમાં જઈને એન્ટી કરપ્શન બ્યુરો, સુરત શું કાર્ય કરે છે, યુવાનોએ આપણી આસપાસ થતો વિવિધ પ્રકારનો ભ્રષ્ટાચાર રોકવા શું કરવું જોઈએ, અને દેશના વિકાસમાં ભ્રષ્ટાચાર રોકીને આજના યુવાનો શું ફાળો આપી શકે છે તે બાબતની જાણકારી આપી હતી. કાર્યક્રમની વ્યવસ્થા ડૉ. દક્ષા ઠાકોરે સંભાળી હતી. તા. ૨૦/૨/૧૫ના રોજ શાહ એન.એચ. કોમર્સ, વલસાડ ખાતે ટી.વાય.બી.કોમ અને એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે નારણલાલા સ્કુલ ઓફ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટના ફેકલ્ટી મેમ્બર્સ પ્રો. સીમા એ. સૂર્યવંશી અને પ્રો. અપૂર્વા એ. ચૌહાણે રિઝયુમ પ્રિપેરેશનનું માર્ગદર્શન આપ્યું હતું.

## ઉજવણી

ઉ બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા તા. ૬મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી કોલેજમાં કાર્યરત વુમન સેલ અંતર્ગત વુમન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વુમન સેલના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન પરમારે નારી સશકિતકરણ પર મહિલાઓમાં જાગૃતિ લાવવા મૌલિકતાથી વકતવ્ય રજૂ કર્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા બહેનોમાં જાગૃતિ લાવવા તથા દિકરીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે ઘટાડો થઈ રહયો છે ત્યારે આ અંગે લોકોમાં જાગૃતતા આવે તે માટે તે માટે તથા બેટી બચાવો કાર્યક્રમને વાચા આપતા નાટકો જેવાકે સ્ત્રી પર થતા અત્યાચાર, દહેજપ્રથા તથા સ્ત્રીભૃણ હત્યા વિષય પર ખૂબ સુંદર રીતે રજૂ થયા હતા. કાર્યક્રમનું સંચાલન ધનગર અંકિતાબેને તથા આભારવિધિ આહીર લક્ષ્મીબેને કરી હતી. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી માટે આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલે

તાલીમાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. વિજ્ઞાનના પ્રા. જયેશભાઈ સોલંકીએ ડૉ. સી. વી. રામન વિશે વક્તવ્ય, ઉખાણાં, જાણવા જેવુ, અંધશ્રધ્ધાને લગતા વિવિધ પ્રયોગો, ધાર્મિક બાબતો સાથે જોડાયેલ વૈજ્ઞાનિક અભિગમો, નાટક, વગેરે કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ઘનગર અંકિતાબેને તથા આભારવિધિ પટેલ હેતલબેને કરી હતી. સપ્તધારા-જ્ઞાનધારા અંતર્ગત ગ્રંથાલય દિવસની ઉજવણીનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ અને ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે કર્યુ હતું. જેમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪૦૦ થી ૧૫૦૦ જેટલા શ્રેષ્ઠ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. પ્રેરણાસભાના વકતા તરીકે શ્રી મોહનભાઈ મઢીકરે પુસ્તકો અને વાચન વિશે વકતવ્ય રજૂ કર્યુ હતું. તેમણે તાલીમાર્થીઓને ભવિષ્યમાં શિક્ષણ તરીકે બાળકોનું ઉત્તમ ચણતર કરવા પર ભાર મૂકયો હતો. પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર ભાગ્યશ્રીબેન તથા દ્વિતીય ક્રમે ટંડેલ જીગીશાબેન તથા વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઘનગર અંકિતાબેન, દ્વિતીય ક્રમે પીઠાવાલા ફિરંગીશબેન તેમજ કવીઝ કોમ્પીટીશનમાં ટીમ-બી ના તાલીમાર્થી રાવલ ઋચાબેન, પુરોહિત કામિનીબેન, ચૌધરી પ્રિયંકાબેન, પટેલ હેમાંગીબેન વિજેતા રહયા હતા.

- શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્.કોલજ, સુરતમાં તા. ૨૧/૨/૧૫ના શ્રી આત્મારામભાઈ પરમાર (મુખ્ય ઉપદંડક, ગુજરાત સરકાર તથા ધારાસભ્યશ્રી ગઢડા) ના અધ્યક્ષ પદે સંસ્થાકીય અહેવાલ માનદ્ મંત્રી મનહરભાઈ ચૌહાણે રાજૂ કર્યો હતો. કાર્યક્રમમાં ગ્રુપ ડાન્સ, ભજન, નાટક, કથ્થક, માઈમ, ગરબો, ગીત, એમ. જે. સિકસ, આદિવાસી નૃત્ય રજૂ થયા હતા. કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપક મિત્રોએ કર્યુ હતું.

- ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સી.એન. કોઠારી હોમિયોપોથીક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા માં ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ટ્રસ્ટી શ્રી ડૉ. જયેશભાઈ શાહ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ડૉ. જયેશભાઈ શાહ, ડૉ. જ્યોતિ રાવ (પ્રિન્સીપાલ) તથા કનુભાઈ દેસાઈ (પ્રમુખ, ટ્રસ્ટ)એ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે કુમારી બંસરી પરીખ દ્વારા સામાન્ય નાગરિકનો પોતાના રાષ્ટ્ર પ્રત્યેની ફરજો વિશે વકતવ્ય રજૂ કરાયું. કાર્યક્રમનું સંચાલન કુમારી વૈશાલી ભાનુશાલી દ્વારા ડૉ. હીમા પંડ્યા તથા ડૉ. જે.જે. જૈન તથા ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૨/૧/૧૫ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણીના અનુસંધાનમાં કોમર્સ વિભાગના પૂર્વ વિભાગીય વડા પ્રો. ડી.આર. પરીખનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં વકતાશ્રીએ વિવેકાનંદજીની સાદગીપૂર્ણ જીવનશૈલીથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. પ્રા. પરીખનું પુસ્તક પુષ્પથી સ્વાગત ડૉ. દક્ષા ઠાકોરે કર્યુ હતું. સમગ્ર વિશ્વમાં ૨૧મી ફેબ્રુઆરીના દિવસે માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવે છે. તે નિમિત્તે પ્રિ.ડૉ.જે.એમ. નાયકની આગેવાની હેઠળ ગુજરાતી વિભાગના પ્રા. ડૉ. મુકેશકુમાર ચૌહાણ દ્વારા વિશ્વ માતૃભાષા નિમિત્તે "ગુજરાતી વિભાગના કૌશલ્ય સ્પર્ધા" થકી ઉજવણી કરવામાં આવી હતી. ૬૭ વિદ્યાર્થીઓની "ગુજરાતી ભાષા કૌશલ્ય સ્પર્ધા" યોજવામાં આવી હતી તેમા પ્રથમ ક્રમે પટેલ તેજસ્વી એફ., દ્વિતીય ક્રમે મોદી તન્વી એસ., પાંડે પ્રિતી જી. અને રાઠોડ જય એમ. વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. બી.ટી. પટેલે સેવા આપી હતી.

## સ્પર્ધા



નવયુગ સાયન્સ કોલજ, સુરતની કુ. નેન્સી સુરતીએ જી.એન. પંડયા કોમર્સ કોલેજ, ભેસ્તાન, સુરત આયોજીત શ્રીમતી ગોદાવરીબેન નાનાલાલ પંડયા પુરસ્કૃત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં 'મારી પર્યાવરણ સ્નેહી જાગૃત નાગરિક તરીકેની રૂપરેખા' વિષય પર પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી વ્યકિતગત અને કોલેજને વિજય શીલ્ડ અપાવ્યું છે. તેમજ સી.જે. પટેલ કોમર્સ કોલેજ, વરીયાવ આયોજીત આંતર કોલેજ ગ્રંથસમીક્ષા હરિફાઈમાં ભાગ લઈ દ્વિતીય ઈનામ તેમજ આંતરકોલજ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ તૃતીય આમ બે સ્પર્ધામાં ઈનામ પ્રાપ્ત કર્યા હતાં. કુ. નેન્સી સુરતીએ નવયુગ આર્ટ્સ કોલેજ, સુરત આયોજીત સ્વ. મણીબેન સી. પીઠાવાલા આંતરકોલેજ વિજયપદમ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ 'મેક ઈન્ડિયા : વાસ્તવિકતા કે કલ્પના' વિષય પર પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હોકી (ભાઈઓ)ની ટીમની પસંદગી વલસાડ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે કરવામાં આવી હતી. જેમાં વી.એસ. પટેલ કોલેજ બીલીમોરાના ૪ ખેલાડીઓ ઓલ ઈન્ડીયા વેસ્ટઝોન ઈ.યુનિ ટુર્નામેન્ટ રમવા માટે પસંદગી પામ્યાં હતા.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું હોકી ટીમની પસંદગી એન.એચ. કોમર્સ કોલેજ વલસાડ ખાતે કરવામાં આવી હતી. તેમાંથી ૧૬ ખેલાડીની પંસદગી બીલીમોરાની વી.એસ. પટેલ કોલેજમાં અલ્પેશ પટેલ હોકી કોચના નેજા હેઠળ ૧૦ દિવસ સઘન તાલીમ આપવામાં આવી હતી અને ટીમ ભોપાલ રમવા માટે ગઈ હતી જેમાં મેનેજર તરીકે શ્રી મુકેશભાઈએ સેવા બજાવી હતી. ૧) કનોજીયા સંજય એચ. (કપ્તાન), ૨) તંબોલી નીલ કે. (વા. કપ્તાન), ૩) પટેલ રવિ એમ., ૪) ભંડારી અનુકુલ, ૫) પટેલ અજય કે., ૬) રાઉત રાજુ કે., ૭) જનગીદ સંદિપ એમ., ૮) પટેલ અક્ષય એ., ૯) પટેલ મેહુલ જે., ૧૦) સરદાર બલવીર આર., ૧૧) ભગત દક્ષ આર. ૧૨) ચૌહાણ સંજીત ડી., ૧૩) પટેલ રોનક એન. ૧૪) પટેલ બ્રીજેશ એસ.,

૧૫) આહીર સંકેત એ., ૧૬) સુર્યવંશી સુનીલ એસ. શુભેચ્છા સમારંભનાં પ્રમુખ પદે ડૉ. એમ.એન. વશી, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્ય ડૉ. ભાવેશ દેવતાએ ખેલાડીને અભિનંદન પાઠવી વી.ન.દ.ગુ.યુનિ નું નામ રોશન કરવા માટે જણાવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ સ્પર્ધા અંતર્ગત તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સના પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ તા. ૭/૧/૧૫ના રોજ માં GIDC Raju Shroff Rofel Institute of Management Studies (BBA Programme) વાપીમાં ભાગ લીધો હતો. જેમાં રંગોળી, પ્રશ્નોત્તરી અને મહેંદી સ્પર્ધામાં અનુક્રમે શર્મા પાયલ, ઠાકોર મીના. ગોસ્વામી માધુરી જેસના જ્યોર્જ. અગ્રવાલ દીપશિખા, શર્મા રજત અને સિંઘ નેહાએ ભાગ લીધો હતો. સ્પર્ધા અંગેનું માર્ગદર્શન સાંસ્કૃતિક સમિતિના અધ્યાપિકા સ્નેહલબેન જોબનપુત્રએ આપ્યુ હતુ.

તપોવન સંસ્કાર કેન્દ્ર ભરૂચ ખાતે તા. ૩૧/૧/૧૫ના રોજ સંસ્થાના વિવિધ વિભાગોની આંતર કોલેજ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવના મુખ્ય મહેમાન આર.પી.તડવી હતા. સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયાએ આ પ્રસંગે રમતોનું મહત્વ તથા શારિરીક વિકાસમાં રમતોાનું મહત્વ સમજાવ્યું હતું. ૧૦૦ મીટર દોડમાં બી.એડ્. ની ૧૩ અને બી. કોમની ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ ક્રમે બી.એડ્ની પટેલ દિવ્યાની, દ્વિતીય ક્રમે પટેલ રેખા તથા તૃતીય ક્રમે પેથાણી મીનલ વિજેતા રહયા હતા. તેમજ બી.કોમ વિભાગનાં પ્રથમ ક્રમે બંજારા વિનોદ વિજેતા થયા હતા. ગોળા ફેકમાં બી.એડ્.ના ૧૩ અને બી. કોમની ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે બી.કોમ. ની જેસના જ્યોર્જ, દ્વિતીય ક્રમે પાંડે સંઘ્યા તથા દ્વિતીય ક્રમે પાંડે શશી વિજેતા બન્યા હતા. તેમજ બી.એડ્.માં પ્રથમ ક્રમે પટેલ અતુલ વિજેતા રહયા હતા. આ ઉપરાંત રીલે દોડમાં બી.કોમ. (બહેનો), ખો-ખોમાં બી.એડ્. તથા ક્રિકેટમાં બી.કોમના વિદ્યાર્થીઓ વિજેતા રહયા હતા.

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજનાં બી.સી.એ.ના વિદ્યાર્થીઓ કધારે નરેશ, શર્મા પ્રિયદર્શની, પાટિલ ભાવના, મિસ્ત્રી રિંકલ, ગુપ્તા દર્શના અને ભગત અંકિતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન આંતર કોલેજ તેમજ રાજ્ય કક્ષાની કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સબંધિત વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવેલ છે.



નવસારી સ્થિત નારણ લાલા કોલેજ કેમ્પસમાં "Synergy" આંતર કોલેજ સ્પર્ધામાં યુનિવર્સિટી અંતર્ગત ૫૦ જેટલી કોલેજોના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૫ જેટલી વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રો. મુકતિ શાહે કર્યું હતું.



દ.ગુ.યુનિ. ની ઈન્ટર કોલેજ બેડમિનટન (ભાઈઓ) ટૂર્નામેન્ટ ૨૦૧૪-૧૫ નું આયોજન નર્મદા કોલેજ, ઝાડેશ્વર દ્વારા જી.એન.એફ.સી. સ્પોર્ટસ સેન્ટર ખાતે થયું હતું. આ ટૂર્નામેન્ટની ફાઈનલ સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત અને ચીખલી બી.સી.એ.કોલેજ સામે યોજાયેલ હતી. જેમાં સર કે.પી. કોમર્સ કોલેજ ટીમ ૩-૨ વિજેતા બની હતી.

શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ સુરતમાં દિવ્યભાસ્કર દ્વારા તા. ૨/૩/૧૫ના રોજ "મોબાઈલ એપ"ની જાણકારી વિશે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કવીઝ, ક્રિકેટ જેવી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સ્ટાફ, તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો અને વિજેતા થનારને દિવ્યભાસ્કર દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાના આંકડાશાસ્ત્ર વિભાગના પ્રોફેસર શ્રી મોહનભાઈ ડી. પટેલે હરિઃ ૐ આશ્રમ પ્રેરિત 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપલા' સંચાલિત 'શ્રી નરોત્તમદાસ પટેલ જલદચાલ સ્પર્ધા' માં તા. ૧૧/૧/૧૫ના રોજ પૌઢવિભાગમાં ૫ કિ.મી. ની જલદચાલમાં ૨૮ મિનીટ ૧૫ સેકન્ડમાં પૂર્ણ કરી પ્રથમ ક્રમે આવ્યા. પ્રા. મોહનભાઈ પટેલ સતત ૧૩ વર્ષથી આ સ્પર્ધામાં પ્રથમ રહીને જે ૬૧ વર્ષની ઉંમર પણ સાતત્ય જાળવ્યું છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંચાલિત અને જે.પી. પારડીવાળા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી દ્વારા આયોજીત આંતર કોલેજ 'ડી' ઝોન ક્રિકેટ ભાઈઓની સ્પર્ધામાં કુલ બત્રીસ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં વલસાડ સ્થિત શાહ એન.એચ.કોમર્સ કોલેજ, સતત ત્રણ વર્ષથી શ્રેષ્ઠ પ્રદર્શન કરી સ્પર્ધામાં એ.વી. પટેલ કોમર્સ કોલેજનો ૮૬ રનમાં ઓલ આઉટ કરી ૧૫ ઓવરમાં ૦૩ વિકેટ ગુમાવી ૮૯ રનનો લક્ષ્યાંક પૂર્ણ કરી ફાઈનલ સ્પર્ધામાં વિજય બન્યા હતા. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે ઈનામ વિતરણ કાર્યક્રમમાં ટ્રોફી એનાયત કરી હતી. ગુજરાત રાજ્યના 'કોમર્સ આઈડોલ' સ્પર્ધાનું આયોજન શ્રી.સી.યુ.શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા પ્રશ્નોત્તરી, ગ્રુપડીસ્કશન અને ઈન્ટરવ્યુ એમ ત્રણ માપદંડો વડે કરવામાં આવી હતી. સ્પર્ધામાં રાજ્યની કુલ સાત યુનિવર્સિટીનાં ત્રેસઠ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુ.કલ્યાણી અશોકભાઈ, કુ.સોનાલી પ્રજાપતિ અને કુ.યુકિત શર્મા એ ભાગ લઈ દરેક રાઉન્ડ સફળતાપૂર્વક પસાર કરી અંતિમ દસમાં સ્થાન મેળવ્યું હતું. સ્પર્ધાને અંતે કુ.કલ્યાણી અશોકભાઈના ઉત્કૃષ્ટ પ્રદર્શનને ધ્યાનમાં લઈ 'કોમર્સ આઈડોલ સેકન્ડ રનર્સ અપ' તરીકે વિજેતા ઘાષિત કરવામાં આવી હતી. કુ. રેતલ પટેલ ગુજરાત ક્રિકેટ એસોસિયેશન અમદાવાદ દ્વારા યોજાયેલ સિનિયર મહિલા ક્રિકેટ ટીમના સિલેકશનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગુજરાત રાજયની ટીમમાં પસંદગી પામ્યા છે. વનરાજ આર્ટસ એન્ડ

કોમર્સ કોલેજ, ધરમપુર ખાતે યોજાયેલ સ્વ.ડૉ. પ્રબોધન એમ. દેસાઇ વિજયપદમ વક્તૃત્વ સ્પર્ધામાં કુ.શિવાની આચાર્ય તથા કુ.કલ્યાણી કલ્યાણી વિજેતા બની વિજયપદમ હાંસલ કર્યું હતું. "આધુનિક વિચારસરણી સમાજના અસ્તિત્વ માટે ખતરારૂપ છે." વિષય પર કુલ ૨૭ સ્પર્ધકોએ ભાગ લેતાં વ્યકિતગત દ્વિતીય ક્રમ કુ. કલ્યાણી કલ્યાણી તથા તૃતીય ક્રમ કુ. શિવાની આચાર્યએ પ્રાપ્ત કર્યા હતો તથા ટીમ તરીકે શિલ્ડ વિજેતા બન્યા હતા. મિત્ર સ્વ.શિવમ જાનીના અકાળ અવસાનને સ્મૃતિબદ્ર કરવા તેમના નામ સાથે વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરી વિદ્યાર્થીઓનો વક્તૃત્વશકિત ખીલે તેવો ઉમદા પ્રયાસ આદરનાર વિદ્યાર્થીઓ તથા તેમને પ્રેરણા પૂરી પાડી માર્ગદર્શન આપનાર પ્રિ.ડૉ.જે.એમ. નાયકે વિદ્યાર્થીઓ એ "સફાઈ અભિયાન કે સફાઈ સંસ્કાર" તથા "સોશીયલ મીડીયા અને યુવાનો" વિષય પર પોતાના તંદુરસ્ત મંતવ્યો રજૂ કર્યા હતા. સ્પર્ધાના અંતે કુ.કલ્યાણી અશોકભાઈ પ્રથમ ક્રમે, કુ. નૂરીન જટ દ્વિતીય ક્રમે તથા કુ. મયૂરી મિસ્ત્રી તૃતીય ક્રમે વિજેતા નીવડયા હતા. કાર્યક્રમનું સંચાલન જટ નૂરીને કર્યુ હતું. આભારવિધિ અને સમાપન ડિબેટ કમિટી અધ્યક્ષ પ્રા. કે.સી.પટેલે કર્યા હતા. શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં મતદાતા જાગૃતિ અભિયાન અનુસંધાનમાં ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ તા. ૨૬/૧/૧૫ના રોજ 'લોકશાહી અર્થવ્યવસ્થામાં મતદાનનો ફાળો' વિષય યોજાયેલ વિષય નિબંધ સ્પર્ધામાં ૨૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે ડૉ. તખતસિંહ ગોહિલ, સાયન્સ કોલેજ વલસાડ તથા શ્રીમતી પ્રા. ડૉ. જયશ્રીબેન ચાંપાનેરી, મોટાપોંઢા કોલેજના અધ્યાપિકાએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં કુ. મેઘા ગોરડ પ્રથમ ક્રમે કુ. હિમાલી ચોકસી દ્વિતીય ક્રમે તથા કુ. સુરૈયાબાનુ ફાતીવાલા તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા.

## વર્કશોપ

બી.જે. પટેલ બી.એડ્. અને એમ.એડ્. કોલેજ, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન બી.એડ્. તથા એમ.એડ્. કોલેજના તાલીમાર્થીઓ માટે Developing a Research Paper વિષય પર તા. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ વર્કશોપનું આયોજન કરવામા આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. કિન્નરીબેન પટેલે સૌ આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા અને પ્રાસંગિક પ્રવચન રજુ કરતા જણાવ્યું હતું કે, સંશોધન એ શિક્ષણની ઈમારતનો પાયો છે. માનવીની પ્રગતિના પાયામાં સંશોધન રહેલું છે. કાર્યક્રમના ઉદ્દ્ઘાટક અને પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલીના પ્રિન્સીપાલ તથા સિન્ડીકેટ સભ્ય ડૉ. વિનોદભાઈ એન. પટેલે અધ્યક્ષીય પ્રવચન રજૂ કર્યુ હતું. મુખ્ય મહેમાન તરીકે વી.ટી.ચોકસી સાર્વજનીક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના પ્રિ. ડૉ. વિનોદભાઈ જી. પટેલ તથા સંસ્થાના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યુ હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. ઉદ્દ્ઘાટન બાદ તજજ્ઞ વકતા તરીકે યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના નિવૃત પ્રોફેસર ડૉ. ઉમ્મેદસિંઘ તથા નિવૃત એસોસિયેટ પ્રોફેસર ડૉ.રાયસિંગભાઈ ચૌધરીએ ત્રણ સેશનમાં એલ.સી.ડી. પ્રોજેકટ દ્વારા સંશોધન પેપર વિશે વિસ્તુત સમજ આપી હતી. આ સાથે શિક્ષણમાં ઉપયોગી એવી જર્નલોનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. તમામ તાલીમાર્થીઓને સર્ટીફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.મીનાબેન પરમારે તથા આભારવિધિ પ્રા.ડૉ.મમતાબેન પટેલે કરી હતી.

## સુવર્ણચંદ્રક



એપ્રિલ ૨૦૧૪માં લેવાયેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય.બી.એસસી.ની પરીક્ષામાં નવયુગ સાયન્સ કોલેજની વિદ્યાર્થીનિ કુ.નેન્સી સુરતીએ રસાયણશાસ્ત્ર વિષયમાં ૯૦.૯ ટકા માર્કસ મેળવી સમગ્ર વીર નર્મદ દિક્ષણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવી રાજયપાલશ્રીના હસ્તે પ્રિ.ડૉ. કુમુબેન દેસાઈ મેડલ, ડૉ.બી.એન. દેસાઈ પ્રાઈઝ અને ડૉ. આર.કે.મપારા પ્રાઈઝ મેળવ્યા છે. કુ. નેન્સી સુરતીની સફળતા બદલ આચાર્ય ડૉ. અશ્વિનભાઈ પટેલ તેમજ સમગ્ર કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે. નેન્સી અભ્યાસેતર અને એન.એસ.એસ. પ્રવૃતિઓ તથા આંતર કોલેજ સ્પર્ધામાં ભાગ લઈને કોલેજને અનેક ઈનામો આપવી ગૌરવ અપાવ્યું છે.

## પ્રદર્શન

એ.વી.પટેલ કોમર્સ કોલજ, બીલીમોરામાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃતિની "રંગકલા કૌશલ્યધારા" અંતર્ગત "મહાત્મા ગાંધીજી અને સફાઈકાર્ય" વિષય પર તા. ૩૦/૧/૧૫ના રોજ યોજાયેલી ચિત્રસ્પર્ધામાં વિદ્યાર્થીઓએ દોરેલાં ચિત્રોનું પ્રદર્શન લાયબ્રેરી હોલમાં રાખવામાં આવ્યું હતું.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com